# પાણી પ્રશ્ને મહુવા પાલિકાને ઘેરાવ કરી તાળાબંધી કરાઈ







ભાવનગર, શનિવાર

ભાવનગર જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ વિકટ બની રહી છે. ઉનાળાના પ્રારંભે જ પાણી માટે દેકારો શરૂ થઈ ગયો છે. મહુવામાં પાણી પ્રશ્ને કોંગ્રેસે નગર પાલિકાને તાળા બંધી કરી હતી.

ભાવનગર જિલ્લામાં ગયા વર્ષે સરેરાશ કરતા પણ પચાસ ટકા જેવો વરસાદ પડતા પાણીની વિકટ સ્થિતિનું સર્જન થયું છે. ખાસ કરીને તાલુકા કક્ષાના સેન્ટરોમાં પાણી કાપનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. પરિણામે પાલિકા સામે સંઘર્ષના બનાવો વધી રહ્યા છે. મહુવા શહેરમાં ઘણાં સમયથી પાણીનો કાળો કકળાટ હોય આજે કોંગ્રેસ દ્વારા નગરપાલિકાને ઘેરાવ કરવામાં આવ્યો હતો. નગરજનોને પાણી પુરૂ પાડવામાં નિષ્ફળ પાલિકા સામે આજે કોંગ્રેસ કાર્યકરો અને મહિલાઓએ તાળાબંધીનો કાર્યક્રમ આપ્યો હતો. પાણી પ્રશ્ને રોષે ભરાયેલા દોઢસોથી વધુના ટોળાએ નગરપાલિકા કચેરીએ ઘસી જઈને પાલિકાના તમામ વિભાગોને તાળા મારી દીધા હતાં. તાળા બંધીના કાર્યક્રમના પગલે કેટલાંક કર્મચારીઓ પણ કચેરીમાં પૂરાઈ ગયા હતાં. આ અંગેની જાણ થતાં જ તાલુકા મામલતદાર આચાર્ય, પોલીસ ઈન્સ્પેકટર ઠક્કર સહિતના પાલિકા કચેરીએ દોડી ગયા હતાં અને ચીફ ઓફિસર વગેરે સાથે વાટાઘાટો કરી સાત દિવસમાં પાણી પ્રશ્ન ઉકેલવાની ખાતરી આપતા આખરે ચાર કલાક બાદ કચેરીને લગાવવામાં અવોલા તાળા ખોલી પૂરાયેલા કર્મચારીઓને મૂકત કરવામાં આવ્યા હતાં.

**કોંગ્રેસ દ્વારા તાળાબંધીના કાર્યક્રમ વેળા મોટાભાગના કર્મચારીઓ ચાર કલાક સુધી અંદર જ પૂરાઈ રહ્યા: સાત દિવસમાં પાણીની સમસ્યાના ઉકેલની ખાત્રી અપાયા બાદ તાળા ખોલાયા**

## ગોવામાં સંપત્તિ ખરીદવા કાળા નાણાંનો ઉપયોગ

પણજી, શનિવાર

ગોવામાં વિદેશી લોકો દ્વારા રીઅલ એસ્ટેટમાં મોટાપાયે સોદાબાજી કરવામાં આવી છે.

કેટલાક વિદેશી લોકોએ તેમના ગેરકાયદે નાણાંનો ઉપયોગ ગોવામાં સંપત્તિ ખરીદવા માટે કર્યો હોવાની કબૂલાત એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટના અધિકારીઓએ કરી છે. વિભાગના આસીસ્ટન્ટ ડીરેક્ટર જ્યોતિ શર્માએ કહ્યું છે કે, સંપત્તિ ખરીદવા માટે નાર્કોટિક્સના વેચાણ અથવા ક્રાઈમ મારફતે મળેલા નાણાંનો ઉપયોગ થયો છે કે કેમ તેમાં તપાસ હાથ ધરાઈ છે.

## રેલ્વે ડિવીઝન દ્વારા ભાવનગરમાં એથ્લેટીક્સ ચેમ્પીયન્સ કરાયું

ભાવનગર, શનિવાર

ભાવનગર રેલ્વે ડિવિઝનના યજમાન પદે આંતર ડિવિઝન એથ્લેટીક્સ ચેમ્પીયન શીપનું આયોજન કરવામાં આવ્યું છે.

પશ્ચિમ રેલ્વેના આંતર ડિવીઝન સ્પોર્ટસ એસોસીએશન દ્વારા ભાવનગર રેલ્વે ડિવિઝનના યજમાન પદે આંતર ડિવિઝન એથ્લેટીક્સ ચેમ્પીયનશીપ ૨૦૧૦ નું આગામી તા.૧૮ અને ૧૯ માર્ચના રોજ રેલ્વે સ્ટેડીયમ, ભાવનગર પરા ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગરમાં યોજનારી એથ્લેટીક્સ સ્પર્ધા અંગે આજે ડી.આર.એમ. કચેરીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, જેમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર દિપક છાબરા, ચીફ ડિવિઝનલ ઈલેકટ્રીકલ એન્જીનીયર કે.એલ.મીના તેમજ અન્ય અધિકારીઓએ કાર્યક્રમની રૂપરેખા રજુ કરી હતી. એથ્લેટીક્સ ચેમ્પીયનશીપના અનુસંધાને આજે સવારે રેલ્વે ડિવીઝન દ્વારા જોગસ પાર્ક ખાતેથી એક મીની મેરેથોન દોડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**ભાવનગરપરામાં આવેલા રેલ્વે સ્ટેડીયમ ખાતે થનારૂ આયોજન**